# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ નડીયાદ ખેડા પેટલાદ ઉમરેઠ ખંભાત ડાકોર લુણાવાડા બાલાસિનોર | રવિવાર ૨૯ માર્ચ, ૨૦૨૬ | ૫


# આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખનો તાજ હાડગુડ બેઠકના વિજેતાના શિરે !

**આણંદ જિલ્લા પંચાયતની કુલ 40 બેઠકો પૈકી એકમાત્ર હાડગુડ બેઠક જ અનુસૂચિત આદીજાતિ (ST) માટે ફાળવવામાં આવી**

**પ્રમુખપદ માટેની અનામતની આ જાહેરાતે ભાજપ અને કોંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષોની ઉંઘ ઉડાવી દીધી**

(પ્રતિનિધિ) આણંદ તા 28

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખપદની બેઠક અનુસૂચિત આદીજાતિ (ST) માટે અનામત જાહેર થતા જ જિલ્લાના રાજકીય સમીકરણોમાં અભૂતપૂર્વ મુદ્દો ચર્ચિત બન્યો છે. ચર્ચિત મુદ્દાનું એકમાત્ર કારણ હાડગુડ જીલ્લા પંચાયત બેઠક બની છે. ચુંટણી આયોગ દ્વારા અગાઉ જાહેર કરાયેલા રોટેશન મુજબ જિલ્લા પંચાયતની કુલ 40 બેઠકો પૈકી એકમાત્ર હાડગુડ બેઠક જ અનુસૂચિત આદીજાતિ (ST) માટે ફાળવવામાં આવી છે. તાજેતરમાં જ જીલ્લા પંચાયત પ્રમુખપદ માટે અનુસૂચિત આદીજાતિ અનામત જાહેર કરવામાં આવી છે. જેથી હાડગુડ જીલ્લા પંચાયત બેઠક સમગ્ર જિલ્લાના રાજકારણનું એપીસેન્ટર બની ગઈ છે. પ્રમુખપદ માટેની અનામતની આ જાહેરાતે ભાજપ અને કૉંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષોની ઉંઘ ઉડાવી દીધી છે.

ગુજરાત રાજ્ય પંચાયતી રાજ અધિનિયમ હેઠળ સામાન્ય રીતે ચૂંટણી પછી લોકશાહી ઢબે જે પક્ષ પાસે અડધા કરતા વધુ બેઠકો એટલે કે બહુમતી હોય તેનું શાસન આવતું હોય છે, પરંતુ આ વખતે આણંદ જિલ્લા પંચાયત પ્રમુખપદ માટે નક્કી કરવામાં આવેલા રોસ્ટર મુજબ આ બેઠક એસ.ટી. (અનુસૂચિત આદિજાતિ) માટે અનામત રાખવામાં આવી છે. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે, સમગ્ર આણંદ જિલ્લાની 40 બેઠકો પૈકી માત્ર હાડગુડ બેઠક જ એસ.ટી. કેટેગરી માટે અનામત છે. આ રોટેશનની પરિસ્થિતિના કારણે હવે સ્થિતિ એવી સર્જાઈ છે કે જે પક્ષ હાડગુડ બેઠક જીતશે, તે જ પક્ષનો સભ્ય આણંદ જીલ્લા પંચાયતનુ પ્રમુખપદે આરૂઢ થશે તે બાબત મહદઅંશે હાલના તબક્કે બિલકુલ સ્પષ્ટ થવા પામી છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, આણંદ જિલ્લામાં રાજકીય પક્ષો દ્વારા મુખ્ય સંગઠન સાથે સાથે વિવિધ મોરચાના જીલ્લા તાલુકા સંગઠનની સંરચના કરવામાં આવે છે. જેમાં અનુસુચિત જાતિ મોરચો, બક્ષીપંચ મોરચો, મહીલા મોરચો વગેરે સરંચના કરીને પ્રમુખ મહામંત્રી કોષાધ્યક્ષ અને કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી છે. પરંતુ ભાજપ કે કોંગ્રેસ પાસે આજદિન સુધી અનુસુચિત આદીજાતિ મોરચાનું અસ્તિત્વ જ નથી. ત્યારે હાડગુડ બેઠક માટે આદિજાતિ ઉમેદવાર મેળવવું પણ કપરું બની જાય તેવી પણ સ્થિતિ છે. ત્યારે આવી રાજકીય પરિસ્થિતિ વચ્ચે ઉમેદવાર બનાવવા માટે કોના ઉપર રાજકીય પક્ષો પસંદગીનો કળશ મુકશે તે બાબત પણ ઘણી ઉત્તેજનાવાળી બની છે.

### આદિજાતિ કેટેગરીમાં માત્ર એક જ ઉમેદવાર હાડગુડ જીલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટાશે

જીલ્લા પંચાયત આણંદના પ્રમુખપદ પર નિમણૂક મામલે રાજકીય વિશ્લેષકોના મતે આ વખતની ચૂંટણીમાં વિચિત્ર કહી શકાય તેવું ગણિત સર્જાયું છે. જો કોઈ રાજકીય પક્ષ જિલ્લાની 40માંથી 39 બેઠકો જીતી લે અને પ્રચંડ બહુમતી મેળવે, પરંતુ જો તે હાડગુડ બેઠક હારી જાય, તો તે પક્ષ શાસન માટે બહુમતી ધરાવે તો પણ બહુમત ધરાવતા રાજકીય પક્ષનો કોઈ પણ સભ્ય જીલ્લા પંચાયત પ્રમુખ માટે દાવેદારી કરી શકશે નહીં. પ્રમુખ તરીકે નિમણૂક પામવા માટે એસ.ટી. કેટેગરીનો સભ્ય હોવો અનિવાર્ય છે અને સમગ્ર જિલ્લામાં આ કેટેગરીનો માત્ર એક જ ઉમેદવાર હાડગુડ જીલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટાઈને આવવાનો છે. જો પક્ષાંતર કે અન્ય કોઈ અણધાર્યા રાજકીય સમીકરણો ન રચાય, તો જે પક્ષના નિશાન પર હાડગુડની બેઠક જીતશે, તે જ વ્યક્તિ જિલ્લા પંચાયત પ્રમુખપદે આરૂઢ થશે.

### ભાજપ - કોંગ્રેસ માટે હાડગુડ બેઠક જીતવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનશે

પ્રમુખપદ અનામતની જાહેરાત બાદ વિશિષ્ટ પરિસ્થિતિ સંદર્ભે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ હવે પોતાની પૂરેપૂરી તાકાત માત્ર આ એક બેઠક પર જ કેન્દ્રિત કરી દે તો નવાઈ પામવા જેવું નથી. અત્યાર સુધી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં તમામ બેઠકો પર રાજકીય પક્ષોના જીલ્લા સંગઠન અને હોદ્દેદારો કાર્યકરો દ્વારા એકંદરે સમાંતર જ માર્ગદર્શન અને સોગઠાં બાજી ગોઠવવામાં આવતી હોય છે. પરંતુ હવે ભાજપ કોંગ્રેસ બન્ને માટે હાડગુડ બેઠક જીતવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન અને ખરાખરીનો જંગ બની ગયો છે. રાજકીય પક્ષો દ્વારા અત્યારથી જ સક્ષમ ઉમેદવારની શોધ શરૂ કરી દેવામાં આવી છે. પક્ષો એવા ચહેરાને શોધી રહ્યા છે જે માત્ર મજબૂત જનધાર ધરાવતો હોય અને જીત મેળવી શકે એટલું જ નહીં, પણ પ્રમુખ તરીકે સમગ્ર જિલ્લાના વહીવટી તંત્રનું સુકાન સંભાળવાની બૌદ્ધિક અને રાજકીય ક્ષમતા પણ ધરાવતો હોય.

### પ્રમુખપદ સંખ્યાબળને બદલે એક બેઠકના વિજય પર નિર્ભર

રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો અને ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે. પ્રમુખપદની લડાઈ હવે માત્ર સંખ્યાબળની રહી નથી, પણ એક ચોક્કસ બેઠકના વિજય પર નિર્ભર બની ગઈ છે. આગામી સમયમાં જ્યારે ઉમેદવારોના નામ જાહેર થશે, ત્યારે હાડગુડ બેઠક પર કયા પક્ષ તરફથી કોણ ચૂંટણી જંગમાં ઉતરે છે તેના પર સમગ્ર જિલ્લાનું ધ્યાન રહેશે. આ એક બેઠક જ નક્કી કરશે કે આગામી ટર્મમાં જિલ્લા પંચાયત આણંદની સત્તાનું સુકાન કોના હાથમાં રહેશે.

---

**સોજિત્રાના હેડ કોન્સ્ટેબલ ચિંતનગીરી ગોસ્વામીની તારાપુરમાં ફરજમાં બેરદરકારી**

## તારાપુરમાં DySPને ઉડાવ જવાબ આપતા કોન્સ્ટેબલ સસ્પેન્ડ કરાયો

**સંવેદનશીલ વિસ્તારમાં** નિમણૂંક હોવા છતાં લાઠી, વ્હિસલ, હેલ્મેટ કે બોડ પ્રોટેક્શન વગર હાજર હતાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.28

આણંદના તારાપુર ખાતે શુક્રવારના રોજ રામનવી દરમિયાન બંદોબસ્તમાં રહેલા હેડ કોન્સ્ટેબલ ચિંતનગીરી ગોસ્વામીએ નાયબ પોલીસ અધિક્ષક સાથે ઉધ્ધત વર્તન કરતાં તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

આણંદના તારાપુર ખાતે શુક્રવારના રોજ રામનવમી નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાવવાના હોવાથી તારાપુર ઉપરાંત આસપાસના પોલીસ સ્ટેશનમાંથી પણ બંદોબસ્ત માંગવામાં આવ્યો હતો. જેમાં સોજિત્રાના હેડ કોન્સ્ટેબલ ચિંતનગીરી વસંતગીરી ગોસ્વામીને પણ ફરજ સોંપવામાં આવી હતી.

તારાપુર પોલીસ દ્વારા હેડ કોન્સ્ટેબલ ચિંતગીરીને શોભાયાત્રાના રૂટ દરમિયાન સંવેદનશીલ વિસ્તારમાં બંદોબસ્ત ફાળવવામાં આવ્યો હતો. જોકે, આ બંદોબસ્ત પર તે હાજર થયાં હતાં. પરંતુ નાયબ પોલીસ અધિક્ષક પાર્થ ચોવટિયાના ચેકિંગ દરમિયાન ચિંતગીરી પાસે લાઠી, વ્હિસલ, હેલમેટ કે બોડી પ્રોટેક્ટ જેવા જરૂરી સાધનો જોવા મળ્યાં નહતાં.

આ અંગે તેમને ખુલાસો પુછતાં તેઓએ ઉધ્ધત જવાબ આપ્યો હતો અને વ્હિસલ ન હોય તો શું થાય ? તેમ કહી બંદોબસ્તમાં ગંભીરતા દાખવી નહતી. પરંતુ, નાયબ પોલીસ અધિક્ષકે આ મામલાને ગંભીરતાથી લઇ રિપોર્ટ કર્યો હતો. આ રિપોર્ટ આધારે જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી હેડ કોન્સ્ટેબલ ચિંતનગીરી ગોસ્વામીને સસ્પેન્ડ કરી તેમને હેડ ક્વાટર્સ આણંદ ખાતે બદલી કરવામાં આવી છે.

## આંકલાવમાં ટ્રક હડફેટે સાયકલ સવારનું મોત

**ચણાની દાળ વેચીને** ગુજરાન ચલાવતા વૃદ્ધ પર કાળમુખો ટ્રક ફરી વળ્યો

(પ્રતિનિધિ) આંકલાવ તા.28

બોરસદ-વાસદ હાઈવે પર અંબાવ ટોલ નજીક પુરપાટ ઝડપે આવતી ટ્રકે સાયકલ સવાર વૃદ્ધને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું મોત નીપજ્યું હતું.

બોરસદના દાઓલ ગામમાં રહેતા 60 વર્ષીય રાજેશભાઇ (રાજુભાઇ) ભાથીભાઇ ગોહેલ સાયકલ પર ચણાની દાળ વેચવાનો વ્યવસાય કરતાં હતાં. તેઓ 27મી માર્ચના રોજ રાબેતા મુજબ સાયકલ પર વહેરાખડી જવા નીકળ્યા હતા, ત્યારે અંબાવ ટોલ પાસે પાછળથી આવતી એક ટ્રક (નં. જીજે32ટી7116) ના ચાલકે તેમની સાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકના ટાયર રાજુભાઈના બંને પગ પર ફરી વળ્યા હતા, જેના કારણે તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ટક્કર માર્યા બાદ ટ્રક ચાલકે પણ સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક ગરનાળા પાસે પલટી ખાઈ ગઈ હતી.

બીજી તરફ ઘાયલ થયેલા રાજુભાઈને તાત્કાલિક 108 મારફતે કરમસદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્ર શૈલેષભાઇ ગોહેલે આંકલાવ પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**નડિયાદમાં તંત્રની ઘોર બેદરકારીએ આધેડનો જીવ લીધો**

## નડિયાદ શહેરમાં ગટર પાસેના ખાડામાં ખાબકતા આધેડનું મોત

**એક બાજુ 50** કરોડના વિકાસ કામોના ખાતમુહૂર્ત અને બીજી તરફ બિસ્માર રસ્તાને કારણે પરિવારનો માળો વિખેરાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.28

નડિયાદ શહેરના પીજ ભાગોળ વિસ્તારમાં આવેલ બહુચર માતાના મંદિર પાસે ગટરની બાજુમાં પડેલા જીવલેણ ખાડામાં વાહન સાથે ખાબકતા એક આધેડનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. લાંબા સમયથી ઉભરાતી ગટર અને બિસ્માર રસ્તાની રજૂઆતો છતાં પાલિકાએ આંખ આડા કાન કર્યા હતા, પરંતુ નિર્દોષ નાગરિકનું મોત થતા જ હરકતમાં આવેલું તંત્ર ગણતરીની મિનિટોમાં ખાડો પૂરવા પહોંચી ગયું હતું.

નડિયાદ શહેરના પીજ ભાગોળ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટરની આસપાસનો સીસી રોડ ઉખડી ગયો હોવાને કારણે મોટા ખાડા પડી ગયા હતા. ગટર સતત ઉભરાતી હોવાથી ત્યાં રસ્તા પર ચીકાશ અને લીલ જામી ગઈ હોવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ સમારકામ કરવામાં આવ્યું નહોતું. બપોરના 1.10 વાગ્યે એક આધેડ વ્યક્તિ પોતાના વાહન પર આ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક ખાડા અને લપસણી જગ્યાને કારણે તેઓ નીચે પટકાયા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે આધેડનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું અને તેમને સિવિલ હોસ્પિટલ ખસેડાતા તબીબોએ મૃત જાહેર કરી પીએમની તજવીજ હાથ ધરી હતી. આ દુર્ઘટનાની જાણ થતા જ મૃતકના પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. તેમના મોટાભાઈ ઈન્ટેકાફ ભાઈના જણાવ્યા મુજબ તેમનો ભાઈ જરૂરી કામ અર્થે નીકળ્યો હતો અને રસ્તાની દુર્દશાને કારણે આ અકસ્માતનો ભોગ બન્યો હતો. બીજી તરફ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે કાર્યકર્તાઓ સાથે પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે પાલિકાના સત્તાધીશો અને અધિકારીઓની નિષ્કાળજીને કારણે બે દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી છે. છેલ્લા 4 વર્ષથી શહેરના ખાડાઓ બાબતે અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર કુંભકર્ણ નિદ્રામાં પોઢેલું રહ્યું હતું.

લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. કારણ કે જે ખાડા બાબતે અનેક રજૂઆતો છતાં તંત્ર ધ્યાન આપતું નહોતું, તે જ ખાડો આધેડના મોત બાદ યુદ્ધના ધોરણે પૂરી દેવામાં આવ્યો હતો. વિરોધાભાસ તો એ છે કે આ અકસ્માતના માત્ર એક કલાક પહેલા જ પશ્ચિમ વિસ્તારમાં 50 કરોડના ખર્ચે વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. એક તરફ કરોડોના ખર્ચે વિકાસની ગુલબાંગો ફેંકાય છે અને બીજી તરફ સામાન્ય ખાડાના કારણે નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે. હાલમાં પાલિકાએ ઉતાવળે ખાડા પૂરવાની કામગીરી તો પૂર્ણ કરી દીધી છે, પરંતુ મૃતકના પરિવારમાં પડેલી ખોટ ક્યારેય પુરાશે નહીં તેવા પ્રશ્નો સાથે શહેરીજનોમાં રોષ યથાવત છે.

### તંત્ર કોઈના મોતની રાહ જોતું હતું?



પીજ ભાગોળના સ્થાનિકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. લોકો પૂછી રહ્યા છે કે જો ખાડો પૂરવાની કામગીરી આટલી ઝડપથી થઈ શકતી હતી તો તંત્ર આટલો સમય કેમ વિલંબ કરતું હતું. શું પાલિકા કોઈ નિર્દોષ નાગરિકના બલિદાનની રાહ જોઈ રહી હતી તેવો સવાલ પણ ઉભો થયો છે.

### મોતના કલાક પહેલા જ ખાડાનો ઉલ્લેખ થયો

નડિયાદમાં આજે મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના વિકાસ કાર્યોના લોકાર્પણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ આધેડના મોતના કલાક પહેલા જ આ કાર્યક્રમ ચાલી રહ્યો હતો, ત્યારે પણ શહેરના ખાડા અંગે ટીખળ કરતા વિપક્ષના નેતાઓને આડે હાથ લઈ સત્તાધારી પક્ષના નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી હતી. ત્યારે કલાક બાદ જ આ ઘટના બનતા સત્તાધારી પક્ષ ક્ષોભમાં મુકાય તેવી સ્થિતિનું સર્જન થયુ છે.

## આઈનોક્સ થિયેટરમાં ફૂગવાળી ગાર્લિક બ્રેડ પિરસાતાં હોબાળો

**મામલો દબાવવા ફ્રી** પીઝા અને રોકડની ઓફર કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.28

નડિયાદ શહેરના આઈનોક્સ થિયેટરમાં ફિલ્મ જોવા ગયેલા એક ગ્રાહકને ફૂગવાળી ગાર્લિક બ્રેડ પીરસવામાં આવતા ભારે હોબાળો મચી ગયો હતો.

મળતી વિગત મુજબ, જયદીપભાઈ પટેલ નામના ગ્રાહક ફિલ્મ જોવા ગયા હતા. તેમણે કેન્ટિનમાંથી 2 ગાર્લિક બ્રેડ મંગાવી હતી, જેમાંથી એક બ્રેડ પર સ્પષ્ટપણે ફૂગ વળેલી જોવા મળી હતી. આ બાબતે સ્ટાફ અને મેનેજમેન્ટને જાણ કરતા તેમણે લુલો બચાવ કર્યો હતો. આ મામલો બિચકતા થિયેટરના કર્મચારીઓએ ગ્રાહકને શાંત પાડવા માટે મફત પીઝા ખાવાની ઓફર કરી હતી, પરંતુ જાગૃત ગ્રાહકે ઓફર ઠુકરાવી હતી.

આ અંગે ગ્રાહકે વધુમાં આક્ષેપ કર્યો હતો કે જ્યારે તેમણે મફતની વસ્તુઓ લેવાની ના પાડી, ત્યારે થિયેટરના માણસોએ વળતર તરીકે ૨૦૦ રૂપિયા રોકડ આપીને મામલો દબાવવાનો પ્રયાસ કર્યો હતો. જયદીપભાઈએ રોષે ભરાતા જણાવ્યું હતું કે, જો આ ફૂગવાળી બ્રેડ કોઈ નાના બાળકે ખાધી હોત અને તેની તબિયત લથડી હોત તો જવાબદારી કોણ લેત?. તેમણે આ મામલે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં લેખિત ફરિયાદ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. આ ઘટના અંગે આઈનોક્સ થિયેટરના મેનેજરે જણાવ્યું હતું કે, આવી ઘટના પહેલીવાર બની છે. બ્રેડની તારીખ ચાલુ જ હતી, પરંતુ સ્ટાફ દ્વારા ફૂગવાળી બ્રેડ નજ રઅંદાજ થઈ જવાથી ભૂલ થઈ હોવાનું સ્વીકાર્યું હતું.

## પાડજ ગામની બંધ પડેલી સુગર ફેક્ટરી ‘અમૂલ’ને સોંપવા માંગ

**ખાંડ** ઉદ્યોગને પુન: જીવંત કરવા સાંસદ મિતેશ પટેલની લોકસભામાં રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદના સાંસદ મિતેશભાઈ પટેલે (બકાભાઈ) લોકસભામાં મહત્વનો વિષય ઉઠાવ્યો હતો. તેમણે વર્ષોથી બંધ હાલતમાં પડેલી ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગની મિલને ‘અમૂલ’ સંસ્થા દ્વારા હસ્તગત કરી, તેને ફરીથી ધમધમતી કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી છે.

આણંદના સાંસદ મિતેશ પટેલે સંસદની કાર્યવાહી દરમિયાન પેટ્રોલ અને ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં મોટો ઘટાડો કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. બાદ તેમણે પોતાના મત વિસ્તારના ખેડૂતોના પ્રશ્નોને વાચા આપતા જણાવ્યું હતું કે, ખેડૂતોને શેરડીના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી વર્ષો પહેલા સ્થાપવામાં આવેલો ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ અત્યારે સંપૂર્ણપણે બંધ હાલતમાં છે.

વધુમાં સાંસદે માહિતી આપી હતી કે, આ બંધ એકમને ફરી શરૂ કરવા બાબતે તેમણે અમૂલ ડેરીના ચેરમેન અને ડિરેક્ટરો સાથે વિસ્તૃત ચર્ચા કરી છે. આ ચર્ચાના અંતે સર્વસંમતિથી એવો સુઝાવ મળ્યો છે કે જો આ બંધ એકમને ‘અમૂલ’ સંસ્થા દ્વારા ખરીદી લેવામાં આવે તો તે ખેડૂતો અને સંસ્થા બંને માટે ફાયદાકારક રહેશે. અમૂલ સંસ્થા તેના વિવિધ ઉત્પાદનો જેવા કે ચોકલેટ અને અન્ય પ્રસેસ્ડ ફૂડ આઈટમ્સમાં મોટા પાયે ખાંડનો ઉપયોગ કરે છે. આથી, જો આ મિલને નવી મશીનરી અને આધુનિક ટેકનોલોજી સાથે ફરી શરૂ કરવામાં આવે તો અમૂલ પોતાની ખાંડની જરૂરિયાત અહીંથી પૂરી કરી શકશે અને સ્થાનિક ખેડૂતોને પણ મોટો ફાયદો થશે. આથી, સાંસદ મિતેશ પટેલે કેન્દ્ર સરકારને નમ્ર વિનંતી કરી છે કે સહકારની ભાવનાથી ઉભી થયેલી આ ઉપેક્ષિત એકમની અસ્કયામતો અને સંચાલન ‘અમૂલ’ના મેનેજમેન્ટને સોંપવામાં આવે તે દિશામાં સરકાર જરૂરી પહેલ કરે. આ નિર્ણયથી ચરોતરના ખેડૂતોના આર્થિક ઉત્થાનમાં મોટી મદદ મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

## કરમસદ ખાતે NRIના સહકારથી ‘પોઈઝન ઈન્ફર્મેશન સેન્ટર’ શરૂ

**ચરોતર પંથકમાં** ઝેરના કેસોમાં મૃત્યુદર ઘટાડવા પ્રમુખસ્વામી મેડિકલ કોલેજની અનોખી પહેલ



(પ્રતિનિધિ) આણંદ તા.28

રાજ્યના આરોગ્ય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવતા, કરમસદ સ્થિત પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ અને કૃષ્ણ હોસ્પિટલ ખાતે ગુજરાતનું પ્રથમ પોઈઝન ઈન્ફર્મેશન સેન્ટર (ઝેર માહિતી કેન્દ્ર) કાર્યરત કરવામાં આવ્યું છે. 27મી માર્ચ 2026ના રોજ આ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જે રાજ્યની સરકારી કે ખાનગી મેડિકલ કોલેજોમાં આ પ્રકારની પ્રથમ પહેલ છે.

આ સેન્ટરની સ્થાપના યુ.કે. ની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નેશનલ ઈન્સિટીટ્યુટ ફોર હેલ્થ એન્ડ કેર રિસર્ચ અને NHS (Toxbase) ના સહયોગથી કરવામાં આવી છે. ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિકોલોજી વિભાગ દ્વારા સંચાલિત આ કેન્દ્ર ચોવીસ કલાક કાર્યરત રહેશે. સામાન્ય જનતા અને આરોગ્ય કર્મચારીઓ માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 - 233 -0232 જાહેર કરવામાં આવ્યો છે, જેના પરથી ઝેરના કેસોમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર અને ક્લિનિકલ માર્ગદર્શન મેળવી શકાશે.

આ અંગે ત્વરિત સારવાર અને માર્ગદર્શન વિભાગના વડા ડો. અરિજીત દત્તાના જણાવ્યા મુજબ, આ સેવા દ્વારા હોસ્પિટલમાં દર્દીનું રોકાણ ઘટાડવા અને સારવારના પરિણામો સુધારવામાં મદદ મળશે. ઝેરના સંપર્કમાં આવેલા વ્યક્તિને તાત્કાલિક શું પગલાં લેવા (જેમ કે સ્નાન કરવું કે નજીકના કેન્દ્રમાં જવું) તે અંગે પુરાવા આધારિત સચોટ માહિતી આપવામાં આવશે. શ્રીકૃષ્ણ હોસ્પિટલની ઓપીડી ખાતે શરૂ થયેલું આ સેન્ટર જાહેર આરોગ્યની સલામતી માટે એક નોંધપાત્ર ઉપલબ્ધિ માનવામાં આવે છે.

### દવા પીવાના વરસે 300 કેસ નોંધાય છે

આ અંગે કોલેજના ડીન ડો. સ્વપ્નીલ અગરવાલે જણાવ્યું હતું કે, આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય ચરોતર પ્રાંતમાં ઝેરના કેસોનું સતત મોનિટરિંગ કરી મૃત્યુદરમાં ઘટાડો કરવાનો છે. ગત વર્ષે શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં જંતુનાશક દવાઓ, ઘરગથ્થુ સફાઈના લિક્વિડ (ફિનાઈલ), ઉંદર મારવાની દવા અને દવાઓના ઓવરડોઝ જેવા અંદાજે ૩૦૦ જેટલા કેસો નોંધાયા હતા.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**